રાજભવન,
ગાંધીનગર.
તા.૦૫/૦૩/૨૦૧૫.

માતૃભાષા આપણા જીવન સાથે વણાયેલી છે :

રાજયપાલશ્રી,

''માતૃભાષામાં શિક્ષણ–સહ ચિંતન'' વિષય પર યોજાયેલ સંગોષ્ઠી

ગુજરાતના રાજયપાલશ્રી ઓ.પી.કોહલીએ જણાવ્યું હતું કે માતૃભાષા આપણા જીવન સાથે વણાયેલી છે એટલે સ્વભાવિક છે કે આપણને આપણી માતૃભાષા પ્રત્યે પ્રેમ અને ગૌરવની લાગણી હોય.

રાજયપાલશ્રી ગઈકાલે ગાંધીનગરમાં અરૂણોદય સેવા ટ્રસ્ટ, ધ્વારા આયોજિત ''માતૃભાષામાં શિક્ષણ–સહ ચિંતન'' વિષય પર યોજાયેલ સંગોષ્ઠીમાં સંબોધન કરી રહયા હતા. તેમણે જણાયું હતું કે ગાંધીજીએ ભાષાઓનો ક્રમ નિર્ધારીત કર્યો હતો, જેમાં માતૃભાષાને તેમણે પ્રથમ સ્થાન આપ્યુ હતું. ભારતીય ભાષાઓને તેમનું યથાયોગ્ય સ્થાન મળવું જોઈએ તેના માટે આપણને આપણી માનસિકતાને કેળવવી જોઈએ તેમણે જણાવ્યું હતું કે બાળકને માતૃભાષામાં શિક્ષણ સહજરૂપે મળે છે, તેથી તે બાળકના બૌધ્ધિક વિકાસમાં મહત્વનો ભાગ ભજવે છે.

શિક્ષણમંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે માતૃભાષામાં જે અભિવ્યકિતની શકિત છે જે બીજી અન્ય ભાષાઓમાં નથી. આપણી માતૃભાષા ગુજરાતી હર હંમેશા ચિરંજીવી રહે તે માટે આપણે સચિંત રહીએ. તેમણે ડૉ. ચેતના બુચને માતૃભાષા ઉપર યોજાયેલ સંગોષ્ઠી માટે અભિનંદન આપ્યા હતા.

આ પ્રસંગે ભુવનેશ્વરી પીઠના આચાર્ય શ્રી ઘનશ્યામજી મહારાજે તેમના આશીર્વચનમાં જણાવ્યું હતું કે આ સંગોષ્ઠી ધ્વારા માતૃભાષા માટેની જે ખેવના ઝંકૃત થઈ છે તેને હું બિરદાવું છું.

ડૉ. ભદ્રાયુ વછરાજાણીએ માતૃભાષામાં બાળકોને શિક્ષણ આપવાની અગત્ય સમજાવી હતી. જયારે ડૉ. ચેતનાબેન બુચે માતૃભાષામાં શિક્ષણ પર થયેલ અભ્યાસની રૂપરેખા આપી હતી.

અરૂણોદય સેવા ટ્રસ્ટના પ્રમુખ શ્રી અરૂણ બુચે સ્વાગત પ્રવચન કર્યુ હતું.

—

પ્રેસ સચિવશ્રી